# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **સહકારી મંડળીઓના સભાસદ માટેની ભેટ મર્યાદામાં 66 ટકાથી 150 ટકાનો વધારો.**
2. **કૃષિ મંત્રી રાઘવજી પટેલે આઇ ખેડૂત પોર્ટલના બીજા તબક્કાનો શુભારંભ કર્યો.**
3. **જનફરિયાદ નિવારણ માટેનાં "સ્વાગત" કાર્યક્રમનાં 22 વર્ષ પૂર્ણ.**
4. **હાલ કાશ્મીરની મુલાકાતે ગયેલા રાજ્યનાં 200 પ્રવાસીઓમાંથી 31 પ્રવાસીઓને આજે અને આવતી કાલે પરત ફરશે.**
5. **આજે વિશ્વ મેલેરિયા દિવસઃ રાજ્યનો મેલેરિયા પોઝિટિવ દર 1000ની વસ્તીએ એકથી નીચે નોંધાયો.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SAHKARI MANDALI SABHASAD BHET

રાજ્યની સહકારી મંડળીઓનાં સભાસદની ભેટ મર્યાદામાં 66થી 150 ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. પ્રાથમિક સહકારી મંડળીઓ અગાઉ દર વર્ષે 750 રૂપિયાની મર્યાદામાં ભેટ આપી શકતી હતી, જે હવે વધારીને 1 હજાર 250 રૂપિયા કરવામાં આવી છે.

તાલુકા કક્ષાની મંડળીઓ એક હજારને બદલે અઢી હજાર, જિલ્લા કક્ષાની મંડળીઓ ત્રણ હજારને બદલે પાંચ હજાર રૂપિયા અને રાજ્યકક્ષાની મંડળીઓ 6 હજારને બદલે 10 હજાર રૂપિયાની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકશે.

સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, રાજ્ય સરકારે મંડળીઓને આપવામાં આવતી ભેટની ખરીદી ઇ-ટેન્ડરિંગ પધ્ધતિથી કરવાની રહેશે.

રાજ્યમાં 89 હજારથી વધુ સહકારી મંડળીઓ આવેલી છે, જેમાં જિલ્લા દૂધ સંઘોથી લઈને જિલ્લા બેંકો જેવી મોટી મોટી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. સભાસદો માટેની ભેટની મર્યાદામાં વધારો કરવા ઉપરાંત, સહકારી મંડળીઓમાં થતી મોંઘા વાહનોની ખરીદી પર રોક લગાવવામાં આવી છે.

---

# I KHEDUT PORTAL

કૃષિ મંત્રી રાઘવજી પટેલના હસ્તે "આઈ-ખેડૂત 2.0 પોર્ટલ"નો ગાંધીનગરથી શુભારંભ થયો છે.

શ્રી પટેલે આ પ્રસંગે જણાવ્યું કે , નવું આઈ-ખેડૂત 2.0 પોર્ટલ નવીન ટેક્નોલોજીના સહારે વધુ સુવિધાયુક્ત ,સરળ અને પારદર્શી બન્યું છે. આઈ-ખેડૂત પોર્ટલ શરુ થયું ત્યારથી અત્યાર સુધીમાં ૪૧ લાખથી વધુ ખેડૂતોએ કુલ 7 હજાર 670 કરોડથી વધુના યોજનાકીય લાભો મેળવ્યા છે.

ખેડૂતો માટે આ પોર્ટલ આગામી ૧૫ મે,૨૦૨૫ સુધી ખુલ્લું રહેશે.

ખેતીવાડી વિભાગની જુદીજુદી યોજનાઓના લાભ લેવા ઈચ્છુક ખેડૂતો એ સત્વરે www.ikhedut.gujarat.gov.in પોર્ટલના માધ્યમ થકી અરજી કરવાની રહેશે.

---

# CM – SWAGAT 22 YEARS

જનફરિયાદ નિવારણ માટેના “સ્વાગત” કાર્યક્રમને 22 વર્ષ પૂરા થયા છે. ટેકનોલોજીના અસરકારક ઉપયોગથી નાગરિકો અને સરકાર વચ્ચે સેતુ સાધવાના મુખ્ય હેતુ સાથે સ્વાગત કાર્યક્રમ શરૂ થયો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે , સ્વાગત પ્રકલ્પ આજે લોકોના જીવનમાં પરિવર્તનકારી અસર લાવીને પેપરલેસ , પારદર્શક અને મુશ્કેલીમુક્ત રીતે સમસ્યાઓનું નિરાકરણ લાવવાનું અસરકારક માધ્યમ બન્યો છે. ગઇકાલે રાજ્યભરમાં યોજાયેલા સ્વાગત કાર્યક્રમમાં 3 હજાર 700થી વધુ અરજીઓ મળી હતી તેમાંથી 50 ટકા પ્રશ્નોનો સ્થળ પર જ ઉકેલ લાવવામાં આવ્યા હતો તથા 180 જેટલા અરજદારોની રજૂઆતોને મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યાલય

દ્વારા સાંભળીને યોગ્ય નિરાકરણ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. આ પૈકી 15 અરજદારોને મુખ્યમંત્રીએ રૂબરૂમાં સાંભળ્યા હતા..

---

# AMRELI/PATAN -CHANA NI KHARIDI

રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી ટેકાના પાસે ચણા અને રાયડાની ખરીદી કરવાની જાહેરાત કર્યા બાદ જિલ્લાઓમાં માર્કેટ યાર્ડમાં ખેડૂતો જણસ વેચવા આવી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, રાજુલા, ધારી, ખાંભા અને બગસરા એમ ચાર કેન્દ્રો પર 1 હજાર 130 રૂપિયા પ્રતિ મણના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે.

જિલ્લામાં કુલ 12 કેન્દ્રો પર ચણાની ખરીદી કરવામાં આવી રહી છે. આ કેન્દ્રોમાં સાવરકુંડલામાં બે કેન્દ્રો ઉપરાંત ટીબી, બાબરા, લાઠી અને અમરેલી માર્કેટિંગ યાર્ડનો સમાવેશ થાય છે.

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે , જિલ્લાના 7 સેન્ટર ખાતે ચણાની ખરીદી શરૂ કરવામાં આવી છે. પાટણ , સિદ્ધપુર, ચાણસ્મા, હારીજ, સમી, રાધનપુર અને સાંતલપુર એમ સાત કેન્દ્રો ખાતે ચણાની ખરીદી કરવામાં આવશે. આ માટે ખેડૂતોની ઓનલાઇન નોંધણી કરવામાં આવી રહી છે.

જિલ્લામાં 64, 000 હેક્ટર વિસ્તારમાં ચણાનું અને 25, 600 હેક્ટરમાં રાયડાનું વાવેતર કરાયું છે.

---

# CM MEETS US CONSUL GENERAL

મુંબઈ સ્થિત અમેરિકાના કોન્સ્યુલ જનરલ માઈક હેન્કીએ ગઈ કાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં શ્રી હેન્કીએ ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે અમેરિકાની સહભાગિતાનો ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીએ આ મુલાકાતમાં ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા ઉત્પાદન અને નિકાસમાં વૈશ્વિક કેન્દ્ર બનવાના ઉદ્દેશ્યમાં ગુજરાતની પ્રગતિનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત તેમણે ફાર્મા , સેમિકન્ડક્ટર, પુનઃપ્રાપ્ય ઉર્જા સહિતના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતમાં રહેલી સંભાવનાઓની પણ ચર્ચા કરી હતી.

---

# HIMMATNAGAR - UDA

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં શહેરી વિકાસ સત્તા મંડળ હવે આખરી તબક્કામાં અમલવારી માટે પહોંચ્યું છે. આ માટે હિંમતનગર શહેરના તમામ મહત્વના એસોસીયેશન અને મંડળોના વડાઓ અને પદાધીકારીઓની બેઠક જિલ્લા તંત્ર દ્વારા યોજવામાં આવી હતી.

વર્ષ 2011માં હિંમતનગરને અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીનો લાભ જાહેર કરવામાં આવ્યો હતો. જેના અમલ થકી હિંમતનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારનો વિકાસ થશે. આ અંગે હિંમતનગર નગર પાલિકા પ્રમુખ વિમલ ઉપાધ્યાયે આ મુજબ જણાવ્યું

# બાઈટ-વિમલ ઉપાધ્યાય, પ્રમુખ, પાલિકા, હિંમતનગર

---------------------------------------------------------------------------------------

# BRTS-AHMEDABAD

અમદાવાદમાં AMTS બસો હવેથી BRTS કોરીડોરમાં દોડશે. મુખ્ય રોડ પર ટ્રાફિક વધુ હોવાથી આ નિર્ણય લેવાયો છે. પ્રાથમિક તબક્કે પૂર્વથી પશ્ચિમ વિસ્તારને જોડતા પાંચ રૂટ પરની 49 બસો દોડશે. જેથી બીઆરટીએસ બસ સ્ટેન્ડ પરથી પણ એએમટીએસની બસ મળી રહેશે. ઓઢવથી ધુમા , સારંગપુરથી બોપલ, ધુમાથી નરોડા, ઇસ્કોનથી વિવેકાનંદ નગર અને ગોધાવીથી હાટકેશ્વર એમ પાંચ રૂટની બસો BRTS કોરિડોરમાં દોડશે.

આ નિર્ણયથી હવે AMTS બસનો અવરજવરનો સમય બચશે , જેના કારણે પ્રવાસીઓ ઝડપથી પોતાના સ્થળ પર પહોંચી શકશે. બસોના સમયપત્રમાં કે હાલના ટીકીટ દરમાં કોઇ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. BRTS બસ સ્ટેન્ડ પરથી AMTS બસની ટિકિટ મેળવી શકાશે નહીં માત્ર અવરજવર જ થઈ શકશે.

---

# GUJARAT TOURIST RETURN

પહેલગામમાં આતંકવાદી હુમલાનાં ઇજા પામેલા રાજ્યના પ્રવાસીઓને તેમનાં વતન લાવવા માટે રાજ્ય સરકારના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરે વ્યવસ્થા કરી છે. સેન્ટરને આવા 200 પ્રવાસીઓની યાદી મળી હતી , જેમાંથી જમ્મુ

ખાતેથી 24 તથા શ્રીનગર ખાતેથી  નવ પ્રવાસીઓએ વતન પરત આવવા ઇચ્છા દર્શાવી હતી.

નવ પ્રવાસીઓને શ્રીનગરથી દિલ્હી અને દિલ્હીથી અમદાવાદ વિમાન માર્ગે લાવવામાં આવી રહ્યા છે , જેઓ આજે સવારે અમદાવાદ એરપોર્ટ પહોંચશે. આ ઉપરાંત વડોદરા જિલ્લાના 20 યાત્રિકોને જમ્મુ ખાતેથી વડોદરા ટ્રેન મારફત પરત ફરવા વ્યવસ્થા કરવામાં આવી છે.

અમદાવાદના ત્રણ અને વડોદરાના એક એમ કુલ ચાર પ્રવાસીઓને સ્વરાજ એક્ષપ્રેસ ટ્રેન મારફ્ત આવતી કાલે સવારે વડોદરા પહોંચશે.

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રની યાદી પ્રમાણે દહેગામના   52, કલોલના 107 તથા ગાંધીનગરના 14 મળી કુલ 173 નાગરિકો હાલ હાલ જમ્મુ-કાશ્મીર ખાતે પ્રવાસે ગયા છે. તંત્રએ આ મુસાફરોની સ્થિતી જાણીને પરત ફરવા માટેની વ્યવસ્થા અંગે વાતચીત કરી છે. આ તમામ લોકો પ્રવાસ પૂર્ણ કરી ટૂંક સમયમાં જ ગાંધીનગર પરત ફરશે.

---

# BORSAD – GETCO SUBSTATION

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો) હસ્તકના આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના   કાલુ  ગામ ખાતેના 66 કિલો વોટ સબસ્ટેશનનું ખાતમુહૂર્ત નાયબ મુખ્યદંડક રમણભાઈ સોલંકીએ કર્યું છે.

**આ પ્રસંગે તેઓએ જણાવ્યું કે, અંદાજિત ૧૨.૫૦ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ થનાર સબસ્ટેશન થકી બોરસદ તાલુકાના કાલુ ગામ સહિત આજુબાજુના અન્ય ૧૪ ગામના ૧૫ હજાર ઉપરાંત લાભાર્થીઓને ૨૪ કલાક વીજ પુરવઠો મળી રહેશે.**

**અમારા આણંદ જિલ્લાના પ્રતિનિધિ  પરેશ મકવાણા જણાવે છે કે  કાલુ સબ સ્ટેશનથી હાલના રાસ , આંકલાવ, બોરસદ, સબસ્ટેશનોના વીજભારમાં નોંધપાત્ર ઘટાડો થશે અને સબસ્ટેશનોથી વીજળી મેળવતા ગ્રાહકોને પૂરતા વીજ દબાણથી વધુ સાતત્ય પૂર્ણ વીજ પુરવઠો આપી શકાશે અને વધારાની વીજ માંગ પણ સંતોષી શકાશે.**

---

# MALARIA DAY VOICE CAST

**આજે વિશ્વ મેલેરિયા દિવસ છે. વર્ષ 2008માં પ્રથમ વાર વિશ્વ આરોગ્ય સંસ્થા-WHO દ્વારા વિશ્વ મેલેરિયા દિવસ મનાવવામાં આવ્યો હતો.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલઃ**

(VOICE CAST- ANIL PATEL)

(રાજ્ય સરકારના મેલેરિયા નાબૂદી માટેના પ્રયત્નોને પગલે રાજ્યનો મેલેરિયા પોઝિટિવ દર ૧ ,000ની વસ્તીએ એકથી નીચે નોંધાયો છે. જેન કારણે  "મેલેરિયા નાબૂદી" અંતર્ગત રાજ્યનો સમાવેશ કેટેગરી-૨માંથી ૧માં કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૪માં રાજ્યમાં અંદાજે એક કરોડ 81 લાખ કરતાં વધુ તાવના દર્દીઓને વિનામૂલ્યે નિદાન અને સારવાર આપવામાં આવી. ગયા વર્ષમાં રાજ્યનાં ૨૩૩ ગામોની અંદાજિત  બે લાખ 52 હજારથી વધુ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવામાં

આવી હતી. ચાલુ વર્ષે ૧૯૬ ગામોની અંદાજિત બે લાખ કરતાં વધુ વસ્તીમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવશે.

મેલેરિયા નાબૂદી માટે રાજ્યમાં દર વર્ષે એપ્રિલ , જૂન અને સપ્ટેમ્બર એટલે કે ચોમાસા પૂર્વે, ચોમાસા દરમિયાન અને ચોમાસા બાદ એમ ત્રણ રાઉન્ડ દ્વારા ઘેર ઘેર જઇને તપાસ કરવામાં આવે છે.

**અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ)**

---

# WEATHER

ગુજરાતમાં હાલ પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ દિશામાંથી પવનો ફૂંકાઈ રહ્યા હોવાથી દરિયાકાંઠાના વિસ્તારો સહિત સમગ્ર રાજ્યમાં ચાર દિવસ બાદ ગરમી વધવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

આગામી ચાર દિવસ રાજ્યનાં શહેરોમાં મહત્તમ તાપમાન 40થી 4  2 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની આગાહી છે. છેલ્લાં 24 કલાકમાં રાજ્યનાં છ શહેરોમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયથી વધુ નોંધાયું હતું. સૌથી વધુ 43.7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું.

હવામાન વિભાગના નિયામક ડો. એ કે દાસે વધુ માહિતી આપી.

**(BYTE A K DAS)**

---